પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૫ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૧, શનિવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીની રોહિણી કોર્ટમાં ફાયરિંગ

**દિલ્હીની કોર્ટમાં ગેંગસ્ટર ગોગી ઠાર, બે હુમલાખોર ઠાર મરાયા : પાટનગર દિલ્હીની કોર્ટમાં સુરક્ષાની ધજ્જિયાં ઊડાવતાં બદમાશો : ગોગીના હરીફ સુનીલ માન ઉર્ફે ટિલ્લુ તાજપુરી ગેંગના બે હુમલાખોરોએ વકીલના ડ્રેસમાં આવીને તેને ઠાર કર્યો,પોલીસે હુમલાખોરોને ઠાર કર્યા**

નવી દિલ્હી, તા.૨૪

રાજધાની દિલ્હીમાં રોહિણી કોર્ટ પરિસરમાં ધોળા દિવસે ગોળીબારથી હડકંપ મચી ગયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ગેંગ વોરમાં કોર્ટમાં ગેંગસ્ટર જીતેન્દ્ર ગોગીનું મોત થયું છે. તેને કોર્ટમાં હાજર થવા માટે તિહાર જેલમાંથી લાવવામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે ગોગીના હરીફ સુનીલ માન ઉર્ફે ટિલ્લુ તાજપુરી ગેંગના બે હુમલાખોરોએ તેને ઠાર કર્યો હતો. જો કે, ત્યાં હાજર પોલીસે પણ બંને હુમલાખોરોને ઠાર માર્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. કહેવાઈ રહ્યું છે કે બંને





હુમલાખોરો વકીલના ડ્રેસમાં આવ્યા હતા અને તેમણે ગોગીને જોઈને ગોળીઓ ચલાવવાનું શરૂ કર્યું. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, કાળો કોટ અને કાળા પેન્ટ પહેરવાને કારણે તેમને કોર્ટમાં સરળતાથી એન્ટ્રી મળી ગઈ. પછી ગોળીઓની અવાજ સાંભળીને સ્પેશિયલ સેલના જવાનો એકશનમાં આવ્યા અને બંને હુમલાખોરોને ઘટનાસ્થળે જ ઠાર માર્યા હતા. કોર્ટરૂમમાં ફાયરિંગની ઘટનાનો એક ૧૬ સેકન્ડનો વિડીયો પણ સામે આવ્યો છે. જેમાં સ્પેશિયલ સેલના જવાનો મોર્ચો

● અનુસંધાન-૭ પર

# મોદીનું કમલા હેરિસને ભારત આવવા આમંત્રણ



**ભારતીયો આપની રાહ જોઈ રહ્યા છે : કોવિડ-૧૯ સંકટ બંને દેશોએ મળીને કામ કર્યું, મહામારીની શરૂઆતમાં ભારત અન્ય દેશોને રસી પહોંચાડવાનું અગત્યનું માધ્યમ હતું : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**

વોશિંગટન,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાની ઉપ-રાષ્ટ્રપ્રમુખ કમલા હેરિસની વચ્ચે શુક્રવારે પહેલીવાર વ્યક્તિગત મુલાકાત થઈ. વ્હાઈટ હાઉસમાં થયેલી આ મીટિંગ દરમિયાન પીએમ મોદીએ કમલા હેરિસને ભારત આવવાનું આમંત્રણ આપ્યું છે. સાથોસાથ તેમણે કહ્યું કે તેઓ દુનિયાભરમાં અનેક લોકો માટે પ્રેરણારૂપ છે. ઉપ-રાર્ષ્યપ્રમુખે પણ કહ્યું કે, ભારત અને અમેરિકા સાથે કામ કરવાથી તેની દુનિયા પર ઘેરી અસર હશે. પીએમ મોદી ત્રણ દિવસ માટે અમેરિકાના પ્રવાસ પર છે. આ દરમિયાન તેઓ QUAD મીટિંગ, UNGAમાં હિસ્સો લેશે. પીએમ મોદીએ કહ્યું કે, અમેરિકાની ઉપ-રાષ્ટ્રપ્રમુખ તરીકે આપની પસંદગી

● અનુસંધાન-૭ પર

# મોદીએ કમલાના દાદા સાથે જોડાયેલ લખાણ ભેટ કર્યા

નવી દિલ્હી, તા.૨૪

અમેરિકાની યાત્રાએ ગયેલા પીએમ મોદી અને અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ વચ્ચે ભારતીય સમય પ્રમાણે ગુરૂવારની મોડી રાતે મુલાકાત થઈ હતી. કમલા હેરિસને પીએમ મોદીએ વિશેષ પ્રકારની ગિફ્ટ આપીને મુલાકાતને યાદગાર બનાવી હતી. સાથે સાથે પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયા અને જાપાનના પીએમ સાથે મુલાકાત દરમિયાન તેમને પણ ભારત તરફથી ભેટ આપી હતી. કમલા હેરિસને પીએમ મોદીએ તેમના દાદા પીવી ગોપાલન સાથે જોડાયેલા કેટલાક નોટિફિકેશન ભેટ આપ્યા હતા. પી.વી.ગોપાલન સિનિયર ઓફિસર હતા અને તેમણે દેશમાં અલગ અલગ હોદ્દાઓ પર ફરજ બજાવી હતી. તેમની સહીવાળા નોટિફિકેશન પીએમ મોદીએ કમલા હેરિસને ભેટ આપ્યા હતા અને સાથે સાથે ચેસનો એક સેટ પણ ગિફ્ટ કર્યો હતો.

# ૫૬ યુદ્ધ વિમાન ખરીદવા ભારતના સ્પેન સાથે કરાર

**રક્ષા મંત્રાલયનો ૨૦૦૦૦ કરોડ રૂપિયાનો સોદો : કરારના ૪૮ મહિનાની અંદર એરબસ કંપની ભારતને ઉડવા માટે તૈયાર હાલતમાં ૧૬ વિમાનો આપશે**

નવી દિલ્હી, તા.૨૪

રક્ષા મંત્રાલયે ૫૬ 'સી-૨૯૫ ' પ્રકારના મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાન ખરીદવા માટે સ્પેનની એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ કંપની સાથે ૨૦૦૦૦ કરોડ રૂપિયાના સોદા પર હસ્તાક્ષર કર્યા છે. આ વિમાન ભારતીય વાયુસેનામાં એવરો-૭૪૮ પ્રકારના વિમાનોનુ સ્થાન લેશે. આ સોદો બહુ લાંબા સમયથી અટકી રહ્યો હતો અને તેને હવે મંજૂરી આપી દેવામાં આવી છે. આજે થયેલા કરારના ૪૮ મહિનાની અંદર એરબસ કંપની ભારતને ઉડવા માટે તૈયાર હાલતમાં ૧૬ વિમાનો આપશે અને બાકીના ૪૦ વિમાનો ભારતમાં બનશે. આ માટે એરબસ અને ટાટા કંપની વચ્ચે કરાર થયા છે. આગામી ૧૦ વર્ષમાં ભારતમાં જ આ વિમાનોને તૈયાર કરવામાં આવશે. સી ૨૯૫ પ્રકારના વિમાન ૫ થી ૧૦ ટન વજન લઈ જવાની ક્ષમતા ધરાવે છે. ભારતમાં પહેલી વખત એવુ બની રહ્યુ છે કે, એક પ્રાઈવેટ કંપની દ્વારા ભારતમાં મિલિટરી એરક્રાફ્ટનુ નિર્માણ કરવામાં આવશે. આ તમામ વિમાનને દેશમાં જ બનેલી ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમથી સજ્જ કરવામાં આવશે.

# વિક્રમ : સેન્સેક્સ ૬૦,૦૦૦ને પાર

મુંબઈ, તા.૨૪

ભારતીય શેરબજારમાં આવેલી તેજીના કારણે છેલ્લા એક વર્ષથી નવા નવા રેકોર્ડ બની રહ્યા છે. સેન્સેક્સ અને નિફ્ટી સમયાંતરે નવી ઐતિહાસિક સપાટી રચવાના રેકોર્ડ બનાવે છે. સેન્સેક્સ ૬૦,૦૦૦ને પાર થઈ ગયું છે. જ્યારે નિફ્ટી ૧૮,૦૦૦ પોઈન્ટની બનાવવાની નજીક છે. ગુરુવારે ૨૩ સપ્ટેમ્બરે સેન્સેક્સ ૯૫૮ અંક વધી ૫૯૮૮૫ પર બંધ રહ્યો હતો ત્યારે ૨૪ સપ્ટેમ્બરનો શુક્રવાર શેરબજાર માટે ગુડ ફ્રાઈડે સાબિત થયો છે.સેન્સેક્સના ૩૦ શેર્સમાંથી ૧૮ શેર્સમાં વધારો જ્યારે ૧૨ શેર્સમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેમાં એશિયન પેઈન્ટ્સના સેર ૪%, ભારતી એરટેલ અને ૐઝ- ટેકના શેર ૩%ના વધારા સાથે ટ્રેડ કરી રહ્યાં છે. જ્યારે ટાટા સ્ટીલના શેરમાં ૨%નો ઘટાડો જોવા મળી રહ્યો છે.સપ્તાહના અંતિમ દિવસે એટલે કે શુક્રવારે માર્કેટ મજબૂતીની સાથે ખુલ્યું. બજાર ખુલતાં જ સેન્સેક્સે નવો ઈતિહાસ રચી દીધો. સેન્સેક્સ પહેલી વખત ૬૦,૧૦૦ને પાર ખુલ્યું. માર્કેટમાં હજુ પણ શાનદાર તેજી જોવા મળી રહી છે.્ના શેર્સ માર્કેટમાં ઉડાન ભરી રહ્યાં છે. દ્ગજીઈમાં્ ઈન્ડેક્સ ૨%ના વધારા સાથે ટ્રેડ કરી રહ્યું છે. ઈન્ડેક્સમાં ન્્ના શેરમાં ૬%ની તેજી નોંધાઈ છે. એમફેસિસના શેરમાં ૪% અને વિપ્રોના શેરમાં ૨%થી વધુની તેજી જોવા મળી રહી છે. સ્ટોક માર્કેટ સાથે સંકળાયેલા લોકોના જણાવ્યા પ્રમાણે ભારતીય શેર બજારમાં શુક્રવારે કડાકો બોલે તો તેના માટે 'બ્લેક ફ્રાઈડે શબ્દ પ્રચલિત છે અને બજારે અનેકવાર બ્લેક ફ્રાઈડે જોઈ પણ લીધો છે. વર્તમાન સંજોગોમાં સેન્સેક્સ ૬૦,૦૦૦ની સપાટી પર પહોંચી ગયો છે આ સાથે જ ૨૪ સપ્ટેમ્બરની તારીખ શેરબજાર માટે ઐતિહાસિક બની ગઈ છે અને તેને માર્કેટમાં ગુડ ફ્રાઈડે તરીકે હમેશા યાદ રાખવામાં આવશે. માર્કેટમાં જે પ્રકારે તેજી આવી છે તેના કારણે અગાઉ જેઓ રોકાણ નહોતા કરી શક્યા તેઓ પણ હવે પોતાની ફિક્સ ડિપોઝિટીમાંથી રૂપિયા કાઢી શેરબજારમાં ઈન્વેસ્ટ કરી રહ્યા છે.




# તાલિબાનના સામના માટે મજબૂત વિપક્ષ તૈયાર થશે

**અફઘાન પર કબજા બાદ તાલિબાનોની મુશ્કેલી વધી : પૂર્વ રાષ્ટ્રપતિ કરજાઈ, ડો.અબ્દુલ્લાહ, તાલિબાન વિરોધી નેતા મસૂદ તેમજ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એક બીજાના સંપર્કમાં**

નવી દિલ્હી, તા.૨૪

અફઘાનિસ્તાનમાં તાલિબાને સત્તા તો કબ્જે કરી લીધી છે પણ તેને બહુ જલ્દી મજબૂત રાજકીય વિપક્ષનો સામનો કરવાનો વારો આવી શકે છે. એવુ કહેવાઈ રહ્યુ છે કે, પૂર્વ રાષ્ટ્રપતિ હમિદ કરજાઈ, ડો.અબ્દુલ્લાહ તેમજ તાલિબાન વિરોધી રેસિસટન્સ ફોર્સના નેતા અહેમદ મસૂદ તેમજ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લા એક બીજાના સંપર્કમાં છે. ગની સરકારના સમયગાળામાં ૭૦ દેશોમાં રાજદૂત તરીકે તેનાત થયેલા લોકો પણ આ વાતચીતમાં સામેલ છે અને બહુ જલ્દી તાલિબાન સામે એક મજબૂત રાજકીય વિકલ્પ ઉભો થઈ શકે છે. સૂત્રોના કહેવા પ્રમાણે અફઘાનિસ્તાન બહાર આ ગઠબંધન નિર્વાસિત સરકાર પણ બનાવી શકે છે. આ હિલચાલના પગલે દુનિયાના બીજા દેશો તાલિબાનને માન્યતા આપવામાં ઉતાવળ પણ નહીં કરે.

# પીએમ કેર્સ ફંડ આરટીઆઈ હેઠળ લાવી શકાય નહીં : કેન્દ્ર

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી. એન. પટેલ અને ન્યાયાધીશ અમિત બંસલની બેન્ચે આ બાબતની વધુ સુનાવણી ૨૭મી સપ્ટેમ્બર પર મુલતવી રાખી હતી. આ અરજી સમ્યક ગંગવાલે દાખલ કરી છે. વડાપ્રધાન કચેરી (પીએમઓ)માં અન્ડર સેક્રેટરી પ્રદીપ કુમાર શ્રીવાસ્તવે દાખલ કરેલા સોગંદનામામાં કહેવાયું છે કે, પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે ટ્રસ્ટ તરફથી મળેલા ભંડોળના ઉપયોગની વિગતો સાથે ઓડિટ રિપોર્ટ તેની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવે છે. અધિકારીએ કહ્યું કે, અરજદાર લોક કલ્યાણ માટે કામ કરનાર વ્યક્તિ હોવાનો દાવો કરી રહી છે અને માત્ર પારદર્શિતા માટે તમામ રાહતો માટે વિનંતી કરવા માગે છે તો પીએમ કેર્સ ફંડ ભારતના બંધારણની કલમ ૧૨ની વ્યાખ્યાના દાયરામાં 'રાજ્ય' છે કે નહીં તેનાથી કોઈ ફરક પડતો નથી. તેમાં કહેવાયું છે કે ભલે ટ્રસ્ટ બંધારણની કલમ ૧૨માં અપાયેલી વ્યાખ્યા હેઠળ એક 'રાજ્ય' હોય

● અનુસંધાન-૭ પર

# મુંબઈ એરપોર્ટથી ૧૮ કરોડના ડ્રગ્સ સાથે મહિલા ઝડપાઈ

મુંબઈ, તા.૨૪

મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એર ઈન્ટેસિજન્સ યુનિટ તરફથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં ૧૮ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે. એજન્સીએ ડ્રગ્સની સાથે એક મહિલા યાત્રીની ધરપકડ કરી છે. ધરપકડ બાદ ઈન્ટેલિજન્સ યુનિટ મહિલાની પૂછપરછ કરી રહી છે. ખાનગી સૂત્રોને ઈન્ટેલિજન્સ યુનિટની જાણકારી મળી હતી કે એક મહિલા યાત્રી જાંબિયાથી મુંબઈ યાત્રા કરી રહી છે. આ મહિલા પોતાની સાથે ડ્રગ્સની મોટી ખેપ લઈને યાત્રા કરી રહી છે જે તસ્કરીનો કેસ છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

15g પ્રોટીન

₹24* / 500 mL

અમૂલ ગાયનું દૂધ




Amul 75 YEARS OF MILK & PROGRESS

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57

વાછાણી ઓર્થોપેડિક અને કિડની હોસ્પિટલ

ડૉ. વિવેક વાછાણી દ્વારા આયોજીત

NABH Certified

ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યાં સાંધા બદલાવાનું ઓપરેશન સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટર નેવીગેશનની મદદથી કરવામાં આવે છે.



જોઈન્ટ રિપ્લેસમેન્ટ મેગા કેમ્પ

આ કેમ્પ ફકત જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે જ છે.

કેમ્પનો સમય

સોમવાર થી શનિવાર

સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦

કેમ્પનું સ્થળ

વાછાણી હોસ્પિટલ, ૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

કેમ્પના સ્પેશીયલ ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે ૧૫ ઓક્ટોબર પહેલા ઓપરેશન કરાવો

કન્સલ્ટીંગ ફી અને ડિઝીટલ એકસ-રે ૫૦% રાહત દરે

અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. ૯૫૧૨૩ ૫૫૫૬૩, ૯૯૨૫૬ ૨૮૧૦૮

# આસામ હિંસાના વિરોધમાં દરાંગમાં ૧૨ કલાકનું બંધ

**દબાણ હટાવવાના મામલે હિંસાના ઘેરા પ્રત્યાઘાત**

દિસપુર, તા.૨૪

આસામના દરાંગ જિલ્લામાં દબાણ હટાવવા ગયેલી પોલીસ અને સ્થાનિક નાગરિકોને વચ્ચે અથડામણ બાદ પરિસ્થિતિ તણાવપૂર્ણ છે. ઢોલપુર વિસ્તારના બલુઆ ઘાટ વિસ્તારમાં ભારે સુરક્ષાદળ તૈનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ ગુરૂવારે થયેલી હિંસક અથડામણના વિરોધમાં ઑલ આસામ માઈનૉરિટીઝ સ્ટુડન્ટસ યુનિયન સહિત કેટલાક સંગઠનોએ દરાંગ જિલ્લામાં ૧૨ કલાકના બંધનુ આહ્વાન કર્યુ છે. વિસ્તારમાં તણાવ છે. તણાવપૂર્ણ પરિસ્થિતિને જોતા વહીવટીતંત્રએ વિસ્તારમાં ભારે સુરક્ષાદળની તૈનાતી કરી છે. આ સંબંધિત એક પ્રત્યક્ષદર્શી સુકુર અલીએ કહ્યુ કે હુ ત્યાં હતો જ્યારે ઘટના ઘટી. સુકુર અનુસાર ઘટના ઢોલપુર નંબર એક અને ઢોલપુર નંબર ત્રણમાં થઈ જ્યાં કેટલાક લોકોએ સુરક્ષાદળો પર પથ્થરમારો કર્યો. સેના દબાણ હટાવવા ગઈ હતી. પ્રત્યક્ષદર્શી સુકુરના જણાવ્યા અનુસાર કેટલાક ગ્રામીણોએ પણ સેના પર હુમલો કરી દીધો. ત્યાં ઘટના બાદ વિસ્તારમાં તણાવને

● અનુસંધાન-૭ પર